## માસિક ફાળો સૂચક ચાર્ટ

| ઉંમર | 1000 રૂપિયા માસિક પેન્શન | 2000 રૂપિયા માસિક પેન્શન | 3000 રૂપિયા માસિક પેન્શન | 4000 રૂપિયા માસિક પેન્શન | 5000 રૂપિયા માસિક પેન્શન |
|---|---|---|---|---|---|
| 18 | 42 | 84 | 126 | 168 | 210 |
| 19 | 46 | 92 | 138 | 183 | 228 |
| 20 | 50 | 100 | 150 | 198 | 248 |
| 21 | 54 | 108 | 162 | 215 | 269 |
| 22 | 59 | 117 | 1 7 | 234 | 292 |
| 23 | 64 | 127 | 192 | 254 | 318 |
| 24 | 70 | 139 | 208 | 277 | 346 |
| 25 | 76 | 151 | 226 | 301 | 376 |
| 26 | 82 | 164 | 246 | 327 | 409 |
| 27 | 90 | 178 | 268 | 356 | 446 |
| 28 | 97 | 194 | 292 | 388 | 485 |
| 29 | 106 | 212 | 318 | 423 | 529 |
| 30 | 116 | 231 | 347 | 462 | 577 |
| 31 | 126 | 252 | 379 | 504 | 630 |
| 32 | 138 | 276 | 414 | 551 | 689 |
| 33 | 151 | 302 | 453 | 602 | 752 |
| 34 | 165 | 330 | 495 | 659 | 824 |
| 35 | 181 | 362 | 543 | 722 | 902 |
| 36 | 198 | 396 | 594 | 792 | 990 |
| 37 | 218 | 436 | 654 | 870 | 1,087 |
| 38 | 240 | 480 | 720 | 957 | 1,196 |
| 39 | 264 | 528 | 792 | 1,054 | 1,318 |
| 40 | 291 | 582 | 873 | 1,164 | 1,454 |

### સંચાલિત

**પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી,**
પહેલો માળ, ICADR બિલ્ડીંગ, પ્લોટ નં 6, વસંત કુંજ
સંસ્થાકીય વિસ્તાર, તબક્કો II, નવી દિલ્હી-110070

# અટલ પેન્શન યોજના

## ભારત સરકાર
## દ્વારા
## પેન્શનની ખાતરી

## "જન-ધન થી જન સુરક્ષા"

## ભારત સરકાર
## દ્વારા પેન્શન સમાજ તરફ
## એક સીમાચિન્હ પગલું

## અટલ પેન્શન યોજનાની સંક્ષિપ્ત માહિતી

- ભારત સરકાર કામદાર ગરીબની વૃદ્ધાવસ્થામાં આવક સુરક્ષા બાબતે ખૂબ ચિંતિત છે અને તેમને તેમના નિવૃતીકાળ માટે બચત કરવા માટે પ્રોત્સાહિત તેમજ સક્રિય બનાવવા ઉપર ધ્યાન આપી રહ્યા છે.
- ભારત સરકાર તેથી 2015-16 બજેટમાં (APY) અટલ પેન્શન યોજના તરીકે ઓળખાતી નવી યોજના જાહેર કરી છે. આ અટલ પેન્શન યોજના અસંગઠીત વર્ગના બધાંજ નાગરિકો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.
- આ યોજના એનપીએસ આર્કિટેક્ચર મારફતે પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA) દ્વારા સંચાલિત કરવામાં આવે છે.

## અટલ પેન્શન યોજનાની વિશેષતાઓ

- આ અટલ પેન્શન યોજના હેઠળ, ઉમેદવારોને ન્યૂનતમ 1000 થી 5000 રૂપિયા સુધીના પેન્શનની ખાતરી આપવામાં આવે છે.
- ન્યૂનતમ પેન્શનનો લાભ ભારત સરકાર દ્વારા ખાતરી કરવામાં આવશે.
- ભારત સરકાર પણ ઉમેદવારોના ફાળાના 50% અથવા રૂ.| 1000 વાર્ષિક, જે ઓછું હશે તે, ફાળાના રૂપમાં સહયોગ કરશે. સરકારનો સહ ફાળો જેઓ કાનૂની/વૈધાનિક સામાજિક સુરક્ષા યોજના નીચે આવરી લેવાયેલ નથી અને જે ઇન્કમ ટેક્સ ભરતા ના હોય, તેમને મળવા પાત્ર છે.
- ભારત સરકાર દરેક પાત્ર ઉમેદવારો, જે 1લી જૂન, 2015 થી 31મી ડિસેમ્બર, 2015 દરમ્યાન આ યોજનામાં જોડાયેલ હશે, તેમને પાંચ વર્ષસુધી સહ ફાળો આપશે. આ એપીવાય યોજના હેઠળ સરકારનો સહ ફાળો સ્થળાંતરન કરેલ સ્વાવલંબન લાભાર્થીઓ સહિત તમામ ઉમેદવારોને માટે પાંચ વર્ષ સુધીજ મળશે.
- તમામ બેંક ખાતા ધારકો આ એપીવાય યોજનામાં જોડાઈ શકેશે.

## લાયકાત

- 18 વર્ષથી 40 વર્ષ ઉંમર સુધીના તમામ ભારતીય નાગરિક આ યોજનામાં જોડાઈ શકે છે.

'આધાર કાર્ડ' પ્રાથમિક કેવાયસી માટે રહશે. આધાર નંબર અને મોબાઇલ નંબર યોજનાની કામગીરી સરળ બનાવવા માટે, ગ્રાહકો પાસેથી મેળવવાની ભલામણ કરવામાં આવે છે. નોંધણી સમયે, જો આધાર કાર્ડ ઉપલબ્ધ ન હોય તો, તેની વિગતો પછીના તબક્કે પણ રજૂ કરી શકે છે.

## ચૂક માટેનો દંડ

બેંકે વિલંબિત ચૂકવણી થતાં નીચે દર્શાવ્યા પ્રમાણે દર મહિને ઓછામાં ઓછા 1 રૂપિયા થી 10 રૂપિયા સુધીનો દંડ વસૂલવાનો રહેશે.

- માસિક 100 રૂપિયાના ફાળા પર મહિને 1 રૂપિયાનો દંડ.
- માસિક 101 રૂપિયા થી 500 રૂપિયા સુધીના ફાળા પર મહિને 2 રૂપિયાનો દંડ.
- માસિક 501 રૂપિયા થી 1000 રૂપિયા સુધીના ફાળા પર મહિને 5 રૂપિયાનો દંડ.
- માસિક 1001 રૂપિયા થી વધારે ફાળા પર મહિને 10 રૂપિયાનો દંડ.

નિશ્ચિત દંડ/વ્યાજની રકમ ઉમેદવારના પેન્શન ભંડોળના ભાગ રૂપે રહેશે.

### ઉમેદવાર માટે મહત્વની જાણકારી

યોગદાન ફાળાની ચૂકવણી બંધ થતાં નીચે મુજબની સ્થિતિ રહેશે.

- 6 મહિના પછી ખાતું ફ્રિજ થશે.
- 12 મહિના પછી ખાતાને નિષ્ક્રિય કરવામાં આવશે.
- 24 મહિના પછી ખાતાને બંધ કરવામાં આવશે.

ગ્રાહકોએ આપોઆપ કપાત માટે યોગદાન ફાળા જેટલી રકમ બેંક ખાતામાં ભંડોળ રહે તેની ખાતરી કરવી જોઈએ.

## યોજનામાંથી બહાર નીકળવું

**60 વર્ષની ઉંમર પછી:**

100% પેન્શન યોગદાન પૂર્ણ થયા પછી કોઈ પણ ઉંમરે આ યોજના છોડી શકાય છે અને ગ્રાહકને પેન્શન ઉપલબ્ધ થશે.

**કોઈ કારણસર ગ્રાહકનું મૃત્યુ થતાં:**

ગ્રાહકનું મૃત્યુ થતાં પેન્શન તેમની પત્ની/પતિને મળશે તેમજ બંનેના ( ગ્રાહક અને પત્ની/પતિ) ના મૃત્યુ થતાં પેન્શન ભંડોળ તેમના નૉમિની (વારસદાર) ને પરત કરવામાં/ચૂકવવામાં આવશે.

**60 વર્ષની ઉંમર પહેલા:**

60 વર્ષની ઉંમર પહેલા આ યોજનામાંથી બહાર નીકળવાની પરવાનગી નથી, તેમ છતાં, લાભાર્થીના મૃત્યુ અથવા ટર્મિનલ રોગના જેવા અપવાદરૂપ સંજોગોમાં પરવાનગી છે.